# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લઈ રાહત-બચાવ કામગીરીની કરી સમીક્ષા
2. પૂરગ્રસ્ત પંજાબ માટે ગુજરાતે ખાદ્ય સામગ્રી અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ વિશેષ રાહત ટ્રેન મારફતે મોકલાવી
3. **રાજયમાં ગુટકા તેમજ તમાકુયુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર વધુ એક વર્ષનો પ્રતિબંધ**
4. અરવલ્લી જિલ્લાના બાયડ-અમદાવાદ માર્ગ પર કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં ત્રણના મોત
5. ત્રણ દિવસ બાદ રાજયમાં વરસાદનું જોર વધશે

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM BANASKANTHA VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદથી પ્રભાવિત બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી. તેમણે સૌથી વધુ અસરગ્રસ્ત સૂઇગામની મુલાકાત લઈ પરિસ્થિતિનું સ્થળ નિરીક્ષણ કરી રાહત-બચાવ અને સ્થિતિ પૂર્વવત કરવાના કામોની સમીક્ષા કરી. શ્રી પટેલે સુઈગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આશ્રય લઈ રહેલા ગ્રામજનોને મળી તેમને મળતી જરૂરી સુવિધાઓ વિશેની વિગતો પણ મેળવી હતી.

(વોઇસકાસ્ટ- સવજી ચૌધરી)

-------------

# BANASKANTHA RATION KIT

પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લા માટે આજે સરકાર દ્વારા 18 હજાર રાશન કીટ રવાના કરાઈ છે. પાલનપુર ખાતેથી રાશન કીટ રવાના કરતાં રાજ્ય કક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ કે રાજ્ય સરકાર સરહદી વિસ્તારના નાગરિકોની પડખે છે. તેમણે ઉમેર્યું કે સરકાર અને તંત્રએ પૂરગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક રાહત-બચાવ અને સહાય માટે કામગીરી કરી છે. તંત્ર દ્વારા 228 લોકોને બચાવાયા તથા 6 હજાર 867 વ્યક્તિઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા.

-------------

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા આજે રાજકોટની મુલાકાતે છે. તેમણે શ્રી રામકૃષ્ણ આશ્રમ ખાતે રાષ્ટ્રીય યુવા સંમેલનમાં સંબોધન કરતાં જણાવ્યુ કે 132 વર્ષ પહેલાં આજના દિવસે, સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વિશ્વ મંચ પર ભારતનું ગૌરવ વધાર્યું હતું. મેટોડા ખાતે શ્રી રામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ ફેક્ટરીની પણ મુલાકાત લીધી.

-------------

# PUNJAB SAHAY

પંજાબના પૂર પ્રભાવિત લોકોની સહાયતા માટે રાજ્ય સરકારે ખાદ્ય સામગ્રી અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ વિશેષ રાહત ટ્રેન મારફતે મોકલાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 400 ટન ખાદ્ય સામગ્રી તેમજ 70 ટન જેટલી દવાઓ સાથેની વિશેષ રાહત ટ્રેનને આજે ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું. આ ઉપરાંત પંજાબ અને છત્તીસગઢના પૂરગ્રસ્તોની મદદ માટે પાંચ-પાંચ કરોડ રૂપિયાની સહાયના ચેક પણ મોકલવામાં આવ્યા હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

(બાઇટ : ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

આ ઉપરાંત છત્તીસગઢના અસરગ્રસ્ત વિસ્તારો માટે પણ જીવન જરૂરિયાતની અંદાજે ૮ હજાર જેટલી રાહત કીટ મોકલવામાં આવી છે.

-------------

# TOBACCO BAN

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પર વધુ એક વર્ષનો પ્રતિબંધ લગાવાયો છે. રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-2006 અન્વયેના નિયમો તથા તેના રેગ્યુલેશન -2011 હેઠળ 13 સપ્ટેમ્બરથી વધુ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ ખાદ્ય સુરક્ષા કમિશનરની યાદીમાં જણાવાયું છે.

તેમાં વધુમાં જણાવાયું છે કે, કોઈ પણ ખાદ્યચીજમાં તમાકુ કે નિકોટીન ઉમેરવું એ પ્રતિબંધિત છે. આમ ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ હાનિ પહોચે છે. જેથી વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્યને નુકસાનકારક ગુટકા પર કાયદા અન્વયે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

-------------

# Arvalli Accident

અરવલ્લી જિલ્લામાં  આંબલિયારા ગામ નજીક બાયડ-અમદાવાદ રોડ પર કાર અને બાઈક વચ્ચે થયેલા  ગંભીર અકસ્માતમાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતા.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનધિ અંકિત ચૌહાણ જણાવે છે કે કારસાથે બાઇકની ટક્કર થતાં બાઈકમાં આગ લાગતાં બાઈકચાલક પુરુષનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમની પત્ની અને બાળકનાં સારવાર દરમિયાન મોત થયાં હતાં. ઘટનાની જાણ થતાં જ આંબલિયારા પોલીસ ઘટનાસ્થળે પહોંચી  હતી અને  ફરાર કારચાલકને પકડવા માટે તપાસ શરૂ કરી છે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NAMO YUVA RUN

રાજ્યમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલના નેતૃત્વમાં 10 સ્થળોએ નમો યુવા રન યોજાશે, જેમાં દસ હજારથી વધુ યુવાનો ભાગ લેશે. ગાંધીનગરમાં ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે "નમો યુવા રન" કાર્યક્રમ અંગેની પત્રકાર પરિષદમાં યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટે આ માહિતી આપી હતી. પ્રદેશ કાર્યાલય ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂર્વ ક્રિકેટર પાર્થિવ પટેલને "નમો યુવા રન"ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુકત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી 2 ઓક્ટોબર એમ 15 દિવસ સુધી સેવા પખવાડીયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યોનુ આયોજન કરવામાં આવ્યું છે.

-------------

# SWATCHTA HI SEWA

17 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન યોજાશે. આ ત્રણ પખવાડિયા દરમિયાન મહાનગરો, નગરો, ગામડાના જાહેર સ્થળો ખાતે જનભાગીદારીથી સફાઈ ઝુંબેશ અને સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરાશે, જેમાં દૈનિક ધોરણે સ્વચ્છતા કાર્યક્રમો ઉપરાંત અઠવાડિક થીમના આધારે પણ વિશેષ સ્વચ્છતા ઝુંબેશ યોજવામાં આવશે. આ ઝુંબેશમાં જાહેર પરિવહન કેન્દ્રો, રોડ-રસ્તા, પ્રવાસન અને ધાર્મિક સ્થળો ઉપરાંત જળસ્ત્રોતો તથા બજારોની પણ સાફ-સફાઈ કરાશે.

-------------

# SURAT SARDAR SANMAN

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ પૂર્વે તેમની કર્મભૂમિ બારડોલીથી સોમનાથ સુધી આજથી 'સરદાર સન્માન યાત્રા" શરૂ થઈ છે. આ યાત્રા 22 સપ્ટેમ્બરે સોમનાથ પહોંચશે. 1800 કિલોમીટરની આ યાત્રામાં 18 જિલ્લાને આવરી લેવાશે તેમ આયોજક ગોપાલભાઈ વસ્તરપરાએ જણાવ્યું.

(બાઇટ : ગોપાલભાઈ વસ્તરપરા, આયોજક)

-------------

# GST – REAL ESTATE

કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેર કરાયેલા જીએસટીના નવા દરોને રાજ્યભરમાં નાગરિકો દ્વારા વ્યાપક આવકાર મળી રહ્યો છે. સિમેન્ટ પર જીએસટીનો દર ઘટતાં બાંધકામ તેમજ રીયલ એસ્ટેટ ક્ષેત્રને મોટો ફાયદો થશે. આ અંગે વાત કરતાં અમદાવાદના બાંધકામ વ્યવસાયીક વિજય ગજ્જરે જણાવ્યું કે નવા દરોના કારણે ઘરોની કિંમત ઘટશે.

(બાઇટ- વિજય ગજ્જર, બાંધકામ વ્યવસાયીક)

-------------

# WEATHER FORECAST

ત્રણ દિવસ બાદ રાજયમાં વરસાદનું જોર વધશે, તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. 14 સપ્ટેમ્બરે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. એટલે કે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર વધશે અને છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની શક્યતા છે.

-------------

# VGRC

વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન-VGRCમાં ઉત્તર ગુજરાતના બટાકા, મસાલાઓ અને ડેરી મૂલ્ય શૃંખલામાં રોકાણની તકોને પ્રદર્શિત કરાશે. આગામી 9 અને 10 ઓક્ટોબરે મહેસાણામાં યોજાનાર આ સંમેલન કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને ડેરી ક્ષેત્રને વેગ આપશે.

આ બે દિવસીય સંમેલનોમાં વિવિધ સેમિનારો આયોજિત થશે અને નેટવર્કિંગ તકોને સમાવિષ્ટ કરાશે. 9 ઓક્ટોબરે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા 'બીજથી બજાર સુધી મૂલ્યશૃંખલામાં ટકાઉપણા અને નફાકારકતાનું સંકલન વિષય પર એક સેમિનારનું કરાશે. ઉપરાંત, વિભાગ દ્વારા 10 ઓક્ટોબરે કૃષિ ટેક્નોલોજીથી

કૃષિ સંપત્તિ સુધી ટેક્નોલોજી થકી કૃષિ પરિવર્તન વિષય પર બીજો સેમિનાર યોજાશે.

-------------